**“મીઠાં બાળકો - તમને હમણાં જ્ઞાન નું ત્રીજું નેત્ર મળ્યું છે, તમે જાણો છો દર ૫ હજાર વર્ષ પછી ભોળાનાથ બાપ દ્વારા આપણે આ જ્ઞાન સાંભળી મનુષ્ય થી દેવતા બનીએ છીએ”**

**પ્રશ્ન :-** જ્ઞાનની ધારણા ન હોવાનું મુખ્ય કારણ શું છે?

**ઉત્તર :-** બુદ્ધિ ભટકે છે, એક ની સાથે પૂરો યોગ નથી. દેહી-અભિમાની નથી બન્યાં એટલે ધારણા નથી થતી. બાબા કહે છે બાળકો, ફેમિલિયારટી (લૌકિકતા) માં નહીં આવો. એકબીજા નાં નામ-રુપ ને નહીં યાદ કરો. એક બાપ બીજું ન કોઈ - આ પાઠ પાક્કો કરી લો, બીજાની પાછળ ન પડો. બાપ પાસે થી સલાહ લેતા રહો, એનાંથી તમે દુઃખ થી મુક્ત થઈ જશો. ધારણા પણ સારી થશે.

**ગીત :-** ભોલેનાથ સે નિરાલા....

**ઓમ્ શાંતિ!** ભોળાનાથ છે આપવા વાળા. ભોળાનાથ શિવબાબા ને તો કહે જ છે. ભોળાનાથ થઈને ગયાં છે અને બરાબર બગડેલા ને બનાવીને ગયાં છે. આદિ-મધ્ય-અંત નું રહસ્ય બતાવીને ગયાં છે, એટલે ભગત ગાય છે. આપ બાળકો જાણો છો જે ભોળાનાથ નું ગાયન છે, જે બગડેલા ને બનાવવા વાળા છે, એ અમાણી સન્મુખ બેઠાં છે. ભગત ભગવાન ને યાદ કરે છે, એમની મહિમા ગાય છે અને બાપ પોતાનો પાર્ટ ભજવી રહ્યાં છે. બાપે જ આવીને પોતાનો પરિચય આપ્યો છે, બાળકો ને. બાળકોની બુદ્ધિમાં બેઠું છે કે બાબા જે સમજાવે છે તે બરાબર કલ્પ-કલ્પ સમજાવે છે. કલ્પ-કલ્પ આવીને પતિત દુનિયાને પાવન દુનિયા બનાવે છે. હમણાં બનાવી રહ્યાં છે. ઘણાઓને હવે ખબર પડી છે. હજી ઘણાં છે જેમને ખબર નથી - વારસો લેવા વાળા હશે તો કલ્પ પહેલાં માફક આવીને વારસો લેશે. તમને પહેલાં થોડી આ ખબર હતી કે બાબા આવીને વારસો આપશે. હમણાં ખબર પડી છે. બરાબર ભક્તોનાં રક્ષક છે. આદિ-મધ્ય-અંત નું જ્ઞાન સંભળાવે છે. એમને જ્ઞાનનાં સાગર કહેવાય છે. દિલ થી લાગે છે બરાબર આ એ જ છે જે ભારતમાં આવીને જન્મ લે છે. આમનો અલૌકિક જન્મ ગવાયેલો છે. ભારતવાસીઓને આવીને પતિત થી પાવન બનાવે છે. પતિત મનુષ્ય જે બોલાવે છે તે જરુર સમજતાં હશે અમે પાવન હતાં, હવે પતિત બન્યાં છીએ, ફરી પાવન બનવાનું છે.

હમણાં બાપ દ્વારા ત્રીજું નેત્ર મળવાથી તમે આ બધુંજ સમજ્યું છે. આપ બાળકોનું આખો દિવસ વિચાર સાગર મંથન ચાલતું રહેશે. સતયુગ માં પાવન કોણ હતાં? બરાબર દેવી-દેવતા જ હતાં. એ સમયે બીજો કોઈ ધર્મ નહોતો. દેવતાઓનાં ચિત્ર પણ છે બીજું કોઈ નામ નહીં લેશે. એવું નહીં કહેશે ચિત્ર છે. શ્રી લક્ષ્મીદેવી, શ્રી નારાયણ દેવતા. હમણાં તેઓ નથી. જ્યારે એ હતાં તો બીજો કોઈ ધર્મ નહોતો. આપ બાળકોની બુદ્ધિમાં છે કે બાબા અમને સત્ય કથા સંભળાવે છે. તે લોકો કહે છે આ જ્ઞાન તો અમે સાંભળ્યું નથી કારણ કે એમને ડ્રામા નાં રહસ્ય ની તો ખબર નથી. તમે કહેશો આ તો કલ્પ-કલ્પ તમે સાંભળતાં આવ્યાં છો. શું ૫ હજાર વર્ષ પહેલાં નહોતું સંભળાવ્યું? પછી એમ કેમ કહો છો પહેલાં ક્યારેય નથી સાંભળ્યું. કલ્પ પહેલાં જેમણે સંભળાવ્યું હતું એનાં દ્વારા તમે હમણાં પણ સાંભળી રહ્યાં છો. સારી રીતે સમજાવવું જોઈએ. તમે તો ૫ હજાર વર્ષ પહેલાં પણ આ જ્ઞાન સાંભળ્યું હતું. દેવતાઓને ૫ હજાર વર્ષ થયાં છે. એમને મનુષ્ય થી દેવતા કોણે બનાવ્યાં? હવે પણ એ જ બાપ ફરીથી બનાવશે. ૫ હજાર વર્ષ પછી ફરી થી બાપને આવવું પડે છે. રાવણ દ્વારા પતિત બનેલા ને પાવન બનાવવાં. હિસ્ટ્રી-જોગ્રોફી મસ્ટ રીપીટ (અવશ્ય પુનરાવૃત્તિ થશે). આ પણ સમજમાં આવે છે હિસ્ટ્રી રીપીટ

થાય છે. સતયુગ પછી ત્રેતા.... ચક્ર લગાવે છે. હવે કળિયુગ નો અંત છે. એક તરફ વિનાશ જ્વાળા છે - બીજી તરફ બાબા અહીં આવ્યાં છે, નવી દુનિયા સ્થાપન કરવા અર્થ. આ એ જ મહાભારત લડાઈ છે. સમજે છે આનાથી વિનાશ થઈ જશે - મનુષ્ય ની દુનિયાનો. આ બધાંને સમજમાં આવે છે. જૂની દુનિયાનો વિનાશ દેખાય છે. આ મહાભારે મહાભારત લડાઈ ૫ હજાર વર્ષ પહેલાં પણ લાગી હતી. કોઈ લાખો વર્ષની વાત નથી. આ ભારત જ સ્વર્ગ હતું. આ દેવતાઓનું રાજ્ય હતું. આ સતયુગનાં માલિક હતાં. ચિત્રો પર પણ સારી રીતે સમજાવવું પડે છે એટલે જ આ લક્ષ્મી-નારાયણ વગેરે નાં ચિત્ર બનાવ્યાં છે. આમ તો લક્ષ્મી-નારાયણ નાં ચિત્ર તો ભારતમાં અસંખ્ય છે, પછી આપણે બનાવીએ છીએ, કેમ? આપણે અર્થ સહિત બનાવીએ છીએ. આમાં પૂરું જ્ઞાન છે. મનુષ્ય તો મૂંઝાયેલાં છે એટલે સમજાવાય છે - સતયુગમાં આમનું રાજ્ય હતું. ખૂબ થોડા મનુષ્ય હતાં જે થઈને ગયાં છે એ જ પછી પુનર્જન્મ લઈ પાવન થી પતિત બનશે. આ દુનિયા જ તમોપ્રધાન છે પછી પાવન બનવાની છે. સમજણ તો ખૂબ સહજ છે. બાપ કહે છે હું તમને ૫ હજાર વર્ષ પહેલાં ની કહાણી (કથા) સંભળાવું છું. લોંગ લોંગ એગો (અનેક વર્ષો પહેલાં).... અહીં આ લક્ષ્મી-નારાયણનું રાજ્ય હતું અથવા ક્રાઈસ્ટ થી ૩ હજાર વર્ષ પહેલાં સતયુગ હતો. હેવનલી ગોડ ફાધરે હેવન (સ્વર્ગ) સ્થાપન કર્યું હતું. ભારત ને કહે પણ છે પ્રાચીન દેશ છે, આમાં ગોડ ગોડેઝ (દેવી-દેવતા) રાજ્ય કરતા હતાં. ગોડ કૃષ્ણ, ગોડેઝ રાધા કહે છે. રાધા-કૃષ્ણ, લક્ષ્મી-નારાયણ સતયુગ માં હતાં, પછી રામ-સીતા ત્રેતામાં, ૫ હજાર વર્ષ નો હિસાબ કિતાબ ક્લિયર (સ્પષ્ટ) છે જ્યારે એમનું રાજ્ય હતું તો બાકી સર્વ આત્માઓ મુક્તિધામ માં હતાં. આત્મા તો અવિનાશી છે. આત્માનો ક્યારેય વિનાશ નથી થતો. ડ્રામા પણ અવિનાશી છે. આત્માને ૮૪ જન્મોનો અવિનાશી પાર્ટ મળેલો છે. આટલાં નાનાં આત્મા માં બધો પાર્ટ ભરેલો છે. આ કેટલી વન્ડરફુલ (અદ્દ્ભુત) વાત છે, આને જ કુદરત કહેવાય છે. આટલું નાનું બિંદુ, કેટલો ૮૪ જન્મોનો પાર્ટ, ૫ હજાર વર્ષનો પાર્ટ એમાં ભરાયેલો છે. તે પણ અવિનાશી, જે રિપીટ જરુર કરવાનો છે. આ મોટાં માં મોટી કુદરત છે. પરમાત્મા પણ બિંદુ, આત્મા પણ બિંદુ. પરંતુ પરમાત્મા સુપ્રીમ (પરમ) છે. આત્માઓ તો સર્વ એક જેવાં નથી, નંબરવાર છે. પહેલાં સુપ્રીમ શિવબાબા પછી કહેવાશે લક્ષ્મી-નારાયણ. બ્રહ્મા સરસ્વતી ને સુપ્રીમ નહીં કહેવાશે. સંપૂર્ણ તો લક્ષ્મી-નારાયણ છે પછી નંબરવાર એક-બીજા ની પાછળ આવે છે. મુખ્ય ગાયન છે દેવતાઓનું. સૌથી સુપ્રીમ આત્મા શિવબાબા નો છે પછી સૂક્ષ્મવતન માં બ્રહ્મા-વિષ્ણુ-શંકર પછી લક્ષ્મી-નારાયણ, રામ સીતા બધાં નંબરવાર છે. નાટકમાં પણ એક્ટર (પાર્ટધારી), નંબરવાર હોય છે. બધાં એક જેવાં નથી હોતાં. કહેશે આનો આત્મા સુપ્રીમ એક્ટર છે, આ પાઈ પૈસાનો એક્ટર છે. સૌથી ફર્સ્ટ ક્લાસ ક્રિયેટર (રચયિતા), ડાયરેક્ટર (માર્ગદર્શક) કોણ છે? કરનકરાવનહાર એક જ પરમપિતા પરમાત્મા છે. હવે તમને આખા ડ્રામા ની ખબર પડી છે. આ છે બેહદનો ડ્રામા, નટશેલ માં (સારમાં) તમને બતાવાય છે. ઝાડનો આ દેવી-દેવતા ધર્મ છે ફાઉન્ડેશન (પાયો). પછી એમાંથી ડાળીઓ ઈસ્લામી, બૌદ્ધી, ક્રિશ્ચન નીકળે છે. આ ફ્લાવર વાસ (ગુલદસ્તો) થશે. ઝાડ શોભે છે ને. બાકી એક-એક ધર્મનાં પાન બેસી ગણતરી કરો તો કેટલાં થશે. ઇસ્લામી, બૌદ્ધી બધાનાં મઠ પંથ ગણાય છે. શિવ ભોળાનાથ આ જ્ઞાન સંભળાવે છે. બાકી કોઈ ડમરું વગેરે વગાડવાની વાત નથી. શાસ્ત્રોમાં જે આવ્યું તે લખી દીધું છે. હકીકત માં છે જ્ઞાન નું ડમરુ, એને શંખ ધ્વનિ પણ કહેવાય છે. શંખધ્વનિ મુખ થી કરાય છે. આ છે જ્ઞાન ની મોરલી. ડ્રામા નાં આદિ-મધ્ય-અંત નું રહસ્ય સંભળાવે છે. આત્મા બિંદુ જેવો છે, જેમાં બધો પાર્ટ નોંધાયેલો છે. એ ક્રિયેટર છે. જે એક્ટ (કર્મ) પણ કરે છે. સારો પાર્ટ એ લે છે. નંબરવાર તો હોય છે ને. આ છે જ એક બાપ ક્રિયેટર બીજા બધાં

પુનર્જનમ માં આવવા વાળા છે. એ ક્યારેય પુનર્જનમ નથી લેતાં, આમનો અલૌકિક જનમ છે. તમે જાણો છો કેવી રીતે આવીને પ્રવેશ કર્યો છે. બીજા આત્માઓ પણ પ્રવેશ કરે છે ને. સમજો કોઈની સ્ત્રીનો આત્મા આવે છે બોલી શકશે હું સુખી છું. બાકી એનાં શરીર ને ભેટી નહીં શકે કારણ કે શરીર તો બીજું છે ને. ભાવના છે કે આ મારી સ્ત્રી નો આત્મા છે, આને બોલાવાયો છે. એવી રીતે ઘણાઓને બોલાવે છે. હમણાં તમોગુણી થઇ ગયાં છે એટલે એક્યુરેટ (બરાબર) બતાવતાં નથી. આત્મા શું વસ્તુ છે, કેવી રીતે આવે-જાય છે. આ ડ્રામામાં પહેલાં થી જ નોંધાયેલું છે. એવું નથી આત્મા નીકળીને અહીં આવે છે. તે મરી જાય છે, ના. બાપ કહે છે આ મનોકામના પૂર્ણ કરવા માટે સાક્ષાત્કાર કરાવું છું, જે ડ્રામા માં નોંધ છે. તે થાય છે. સેકન્ડ પસાર થઈ, ડ્રામામાં નોંધ છે. આ બેહદનું નાટક છે. બાપ બિંદુ છે. બિંદુ ને ભોળાનાથ કહે છે. કેટલું વંડર છે. બાપ પણ કહે છે મુજ બિંદુ માં કેટલો પાર્ટ છે. આ વાતો નવાં કોઈની બુદ્ધિમાં બેસી ન શકે. જૂનામાં પણ કેટલાં ની સમજમાં નથી આવતું. તો કોઈને સમજાવવામાં મૂંઝાય છે, જેમ રેડિયો માં કોઈ વાત કરવામાં મૂંઝાય છે. આમાં મોરલી ખુબ સ્ફૂર્તિથી ચલાવવાની છે. તેઓ વાંચીને સંભળાવે છે. આ છે ઓરલી (જોયા વગર). બાબા પણ બધુંજ ઓરલી સંભળાવે છે. તમારી બુદ્ધિમાં ધારણા થઈ રહી છે. કલ્પ પહેલાં પણ તમે ધારણા કરી અનેકોને સંભળાવ્યું છે. પછી તે જ્ઞાન ખતમ થઈ ગયું. હવે ફરી રિપીટ થવાનું છે. આ જ્ઞાન કોઈ સાધુ-સંત ની બુદ્ધિમાં નથી. તેઓ પરમાત્મા ને નથી જાણતાં. તેઓ કહી દે છે - આત્મા પરમાત્મા માં મળી જશે. મળશે પછી કેવી રીતે? હમણાં તમારો આત્મા જાણે છે કે આપણા બાપ આવ્યાં છે. આપણને જ્ઞાન આપી રહ્યાં છે. પછી આપણે બાબાની સાથે ઘરે જઈશું. આ આપ બાળકોને રુહાની નશો છે. આ છે તમારો પ્રવૃત્તિ માર્ગ. ઘણાં તમને કહે છે કે તમે તો કુમાર અથવા કુમારી છો. તમને વિકારો નો અનુભવ જ નથી. અમે તો વિકારી ગૃહસ્થ માં રહેવાવાળા છીએ. તમે અમને આ જ્ઞાન કેવી રીતે આપી શકો છો? અમે છીએ યુગલ, અમને બેચલર કેવી રીતે સમજાવી શકે? અમને તો યુગલ સમજાવે, જે અનુભવી હોય? વિકાર માં ગયેલા હોય, એ જ અમને સમજાવી શકે છે કે અમે કેવી રીતે જીત મેળવી. એવાં-એવાં બાબાની પાસે પત્ર આવે છે. વાત તો ઠીક છે, હવે એવાં અનુભવી થી પત્ર લખાવવો જોઈએ, જેણે ભલે લગ્ન કર્યા હોય પરંતુ પવિત્ર હોય. કોઈને બાળકો હતાં, પછી પવિત્ર બન્યાં છે. એવા-એવાં અમને સમજાવે. જ્ઞાન તો ખૂબ સારું છે. પરંતુ કોઈ તીખા (હોશિયાર) સમજાવવા વાળા નથી તો હું મૂંઝાઈ જાઉં છું. ઘણી વાતો સામે આવે છે. તો અનુભવી સમજાવવા વાળા હોય. હવે પત્રો દ્વારા તો કોઈને આટલું સમજાવી ન શકાય. સન્મુખ આવીને મળે તો બાબા પણ સમજાવે. એવાં-એવાં ઘણાં યુગલ છે જે પોતાનો અનુભવ સંભળાવી શકે છે કે અમે આવી રીતે પ્રવૃત્તિ માં રહી શ્રીમત નું પૂરે-પૂરું પાલન કરી રહ્યાં છીએ. ખાવા-પીવાની પણ પૂરી પરેજી રાખીએ છીએ. કોઈ સમજાવવા વાળા ઠીક નથી તો મૂંઝાઈ પડે છે. સર્વિસ (સેવા) માટે બુદ્ધિ ચાલવી જોઈએ. દેહી-અભિમાની પણ બનવાનું છે. કોઈ પણ ફેમિલિયારિટી માં ન આવવું જોઈએ. મહેનત લાગે છે. માયા ઘડી-ઘડી ફસાવી દે છે. કર્માતીત અવસ્થા હમણાં થઈ નથી શકતી. ઘણાં એક-બીજા નાં નામ-રુપમાં ફસાઈ જાય છે. પછી બાબા ને લખતા પણ નથી કે બાબા આ તોફાન આવે છે. સાચ્ચુ નથી બતાવતાં. બાબાને લખે તો બાબા યુક્તિ પણ બતાવે. કોઈ-કોઈ સાચ્ચુ લખે છે. શિવબાબા તો બધુંજ જાણે છે. સમજાવે છે જો એવી કોઈ ચલન ચાલી તો ધર્મરાજ દ્વારા ખૂબ દંડ ભોગવવો પડશે. આખો દિવસ ખ્યાલાત ચાલતા રહે છે. સેન્ટર પર આવે છે. કહે છે ફલાણી ખૂબ સારું સમજાવે છે. પરંતુ અંદર શેતાની (આસુરી વૃત્તિ) ભરી પડી હશે. અહીં તો એકની સાથે યોગ જોઈએ. બાપ સિવાય બીજું ન કોઈ. કેમ બીજાની પાછળ પડો છો. ધારણા નથી થતી તો જરુર ક્યાંક

બુદ્ધિ ભટકે છે પછી સલાહ પણ નથી લેતાં. ડરે છે. બાપ કહે છે મામેકમ્ યાદ કરો. આ યાદ થી તમારા વિકર્મ વિનાશ થશે. દુઃખ થી તમે મુક્ત થઈ જશો. મુક્તિ તો બધાં માંગે છે. મુક્ત થાય છે દુઃખ થી પછી સુખ માં આવશે. જીવનમુક્તિ બધાનાં માટે છે. પરંતુ પહેલાં મુક્તિ માં જઈને પછી જીવનમુક્તિ માં આવવાનું છે. અચ્છા! મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) બાપ સમાન જ્ઞાન ની શંખધ્વની કરવાની છે. ફક્ત વાંચીને નથી સંભળાવવાનું. ધારણા કરીને પછી સમજાવવાનું છે.

2) ખાવા-પીવાની ખૂબ પરેજી રાખવાની છે. શ્રીમત નું પાલન કરી પ્રવૃત્તિ માં રહેતાં કેવી રીતે પવિત્ર રહો છો, આ અનુભવ બીજાને સંભળાવવાનો છે.

**વરદાન :- સાધન અથવા સેલવેશન (નિર્વાણ) નાં પ્રભાવમાં આવવાનાં બદલે પ્રકૃતિ ને દાસી બનાવવા વાળા વિજયી ભવ**

ક્યારેય પણ યોગી પુરુષ તથા પુરુષોત્તમ આત્માઓ પ્રકૃતિ નાં પ્રભાવ માં નથી આવી શકતાં. આપ બ્રાહ્મણ આત્માઓ પુરુષોત્તમ અને યોગી આત્માઓ છો, પ્રકૃતિ આપ આત્માઓની દાસી છે એટલે પ્રકૃતિ નાં કોઈ પણ સાધન અથવા સેલવેશન તમને પોતાનાં પ્રભાવ માં પ્રભાવિત ન કરી લે. સાધન, સાધના નાં આધારે ન હોય પરંતુ સાધના, સાધનો ને આધાર બનાવે ત્યારે કહેવાશે પ્રકૃતિજીત, વિજયી આત્મા.

**સ્લોગન :-** એવરરેડી એ છે જે દરેક ઘડીને અંતિમ ઘડી સમજીને ચાલે છે